## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ-મેઈલ :- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૦/ક્વા-૦૩/૧૭-૧૮/ 4950 તા. 23-11-17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ડાયબેન ભીખાભાઈ પરમાર,
ચામુંડા પ્લોટ, જોડીયા રોડ,
ધ્રોલ
જામનગર
મો: ૯૮૭૯૭ ૮૦૨૦૨

વિષય :--ઓડિટ રીકવરી ની રકમ બાબત
સંદર્ભ:- આપની અરજી , તા. ૧૨-૧૦-૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૨૦/ક્વા-૦૩/૧૭-૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
ક્ર.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર પેટા વિભાગીય કચેરી, ધ્રોલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 3 | JAN-FEB-12 BILLIED IN MAR-12 | 7480 | 7342 | 138 | |
| 4 | MAR-APR-12 BILLIED IN MAY-12 | 7480 | 7480 | 0 | |
| 5 | MAY-JUN-12 BILLIED IN JUL-12 | 7520 | 7480 | 40 | |
| 6 | JUL-AUG-12 BILLIED IN SEP-12 | 7520 | 7520 | 100 | L |
| 7 | SEP-OCT-12 BILLIED IN NOV-12 | 7520 | 7520 | 100 | L |
| 8 | NOV-DEC-12 BILLIED IN JAN-13 | 7520 | 7520 | 0 | L |
| 9 | JAN-FEB-13 BILLIED IN MAR-13 | 7520 | 7520 | 0 | L |
| 10 | MAR-APR-13 BILLIED IN MAY-13 | 7520 | 7520 | 0 | L |
| 11 | MAY-JUN-13 BILLIED IN JUL-13 | 7520 | 7520 | 0 | L |
| 12 | JUL-AUG-13 BILLIED IN SEP-13 | 7520 | 7520 | 0 | L |
| 13 | SEP-DCT-13 BILLIED IN NDV-13 | 7520 | 7520 | 0 | L |
| 14 | NOV-DEC-13 BILLED IN JAN-14 | 7520 | 7520 | 0 | L |
| 15 | JAN-FEB-14 BILLIED IN MAR-14 | 7520 | 7520 | 0 | L |
| 16 | MAR-APR-14 BILLIED IN MAY-14 | 7520 | 7520 | 0 | L |
| 17 | MAY-JUN-14 BILLIED IN JUL-14 | 7520 | 7520 | 0 | L |
| 18 | JUL-AUG-14 BILLIED IN SEP-14 | 7876 | 7520 | 356 | |
| 19 | SEP-OCT-14 BILLIED IN NOV-14 | 7938 | 7876 | 62 | |
| 20 | NDV-0EC-14 BILLIED IN JAN-15 | 7938 | 7938 | 0 | |
| 21 | JAN-FEB-15 BILLIED IN MAR-1S | 4 | 1 | 3 | C |
| 22 | MAR-APR-15 BILLIED IN MAY-15 | 45 | 4 | 41 | |
| 23 | MAY-JUN-15 BILLIED IN JUL-15 | 95 | 45 | 50 | |
| 24 | JUL-AUG-1S BILLIED IN SEP-15 | 125 | 95 | 30 | |
| 25 | SEP-DCT-15 BILLIED IN NOV-15 | 165 | 125 | 40 | |
| 26 | NDV-DEC-1S BILLED IN JAN-16 | 182 | 16S | 17 | |
| 27 | JAN-FEB-16 BILLIED IN MAR-16 | 198 | 182 | 16 | |
| 28 | MAR-APR-16 BILLIED IN MAY-16 | 2S6 | 19B | S8 | |
| 29 | MAY-JUN-16 BILLIED IN JUL-16 | 332 | 2S6 | 76 | |
| 30 | JUL-AUG-16 BILLIED IN SEP-16 | 377 | 332 | 4S | |
| 31 | SEP-OCT-16 BILLIED IN NDV-16 | 417 | 377 | 40 | |
| 32 | NDV-DEC-16 BILLED IN JAN-17 | 434 | 417 | 17 | |
| 33 | JAN-FEB-17 BILLIED IN MAR-17 | 456 | 434 | 22 | |
| 34 | MAR-APR-17 BILLIED IN MAY-17 | 521 | 456 | 65 | |
| 35 | MAY-JUN-17 BILLIED IN JUL-17 | 589 | 521 | 68 | ઓડિટ એરીયર્સ 30,077.54 |
| 36 | JUL-AUG-17 BILLIED IN SEP-17 | 641 | 589 | 52 | |

| | |
|---|---|
| <u>૨.૪</u> | પીજીવીસીએલ ની ઓડિટ ટીમ દ્વારા માહે એપ્રીલ –૧૫ થી માહે માર્ચ–૧૬ ના સમયગાળા નુ ઓડિટ કરતા લેજર પર ના છેલ્લા રીડીગ અને લેબોરેટરી ના રોજકામ મા મીટર ના રીડીગ વચ્ચે તફાવત માલુમ પડેલ છે. સદર અરજદાર ખાતે ૪૦૪૯ યુનીટ ના રૂ.૩૦,૦૭૭.૫૩ રુપિયાની રીકવરી કઢાયેલ છે. જેની જાણકારી અરજદાર શ્રી ને બીલ ભરપાઈ કરવા માટે શહેર પેટા વિભાગીય કચેરી, ધ્રોલ દ્વારા પત્ર નંબર : ૪૧૩૬ તા.૦૭–૧૦–૧૭ થી સદર ગ્રાહક ને જાણકારી અપાયેલ છે. આમ, સદર વીજબીલ ની રકમ ઓડિટ રીકવરી પૈકી ની હોય – જે ગ્રાહકે ભરપાઈ કરવા પાત્ર થાય છે. |
| <u>૨.૫</u> | તા.૦૧–૦૮–૧૭ ના પીજીવીસીએલ ના અધિકારી તથા ગ્રાહક ના પ્રતિનીધી દ્વારા કરાયેલ સ્થળ રોજકામ મુજબ સદર વીજ જોડાણ વાળુ મકાન જુનવાણી બે નાના રૂમ અને એક ઓસરી આવેલ છે. જેમા, કુલ બે લેમ્પ – ૬૦ વોટ અને એક સીલીગ ફેન ૬૦ વોટ નો વીજઉપકરણ ધરાવે છે. જેમા વયોવૃધ્ધ માજી ડાયબેન ભીખાભાઈ પરમાર – ઉંમર વર્ષ આશરે ૮૦ વર્ષ જણાવેલ છે – અને તેઓ એક જ વ્યકિત ઘરમા રહે છે. વધુમા સદર વીજ મીટર – જેના મીટર નં. PGST-02548356 અને KWh-600 યુનીટ જણાવેલ છે. |

<u>મુદદા નં. –૩ :</u> : <u>નિષ્કર્ષ</u> :

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ના અનુસધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ થી ૨.૫ મા દર્શાવ્યા મુજબ ની વિગતો ને અનુસંધાને અરજદાર શ્રી ના ધ્રોલ ખાતે ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૮૩૦૧/૦૨૧૭૩/૦ ( ૨ કીવો) નુ વીજ જોડાણ ધરાવે છે. તેઓ પોતાના ઘરે સતત રહેતા પણ ન હોય, આમ, તેઓનો વીજવપરાશ ૧૦૦ યુનીટ ની અંદર નો હોય છે. તેઓ નિયમીત વીજબીલ |

ભરપાઈ કરે છે. સદર વીજ જોડાણ નુ ચકીગ તા.૦૩–૦૩–૧૫ ના રોજ કરાયેલ હતુ. તેમજ ચેકીગ શીટ મુજબ – અરજદાર શ્રી ના વીજસ્થાપન પર – કુલ ૨૧૦ વોટ નો વીજભાર જોડેલ જણાયેલ હતો. જેની નોંધ મુદદા ન. ૨.૧ મુજબ તા.૦૭–૦૩–૧૫ ના રોજ સદર મીટર અરજદાર ના પ્રતિનીધી ની હાજરી મા બદલાવેલ હતુ. સદર મીટર ની ચકાસણી – તા.૨૦–૦૫–૧૫ ના રોજ પીજીવીસીએલ ની મીટર ટેસ્ટીગ લેબોરેટરી મા કરવામા આવેલ હતી. જેમા – મીટર અને મીટર બોડી સીલો પણ બરાબર જણાયેલ છે. તેમજ, મીટર ના રીડીગ ૧૯૮૮ બતાવેલ છે. જુના મીટર ના છેલ્લા રીડીગ (૭૯૩૮) અને લેબોરેટરી ના રોજકામ મા મીટર ના રીડીગ (૧૯૮૮) વચ્ચે તફાવત માલુમ પડેલ – તેમ છતા, પીજીવીસીએલ દ્વારા સદર બાબતે નુ કોઈ પુરવણીબીલ ગ્રાહક શ્રી ને અપાયેલ નથી – તેમજ આ અંગે ની કોઈ રજુઆત પીજીવીસીએલ પક્ષકાર તરફથી થયેલ નથી. તેમજ, જો મીટર રીડર દ્વારા – જે તે વખતે મીટર નુ વાંચન જો બરાબર કરેલ હોત તો સદર હાલ નો પ્રશ્ન નિવારી શકાત.

**૩.૨** ત્યારબાદ પીજીવીસીએલ ની ઓડિટ ટીમ દ્વારા માહે એપ્રીલ –૧૫ થી માહે માર્ચ–૧૬ ના સમયગાળા નુ શહેર પેટા વિભાગીય કચેરી, ધ્રોલ નુ ઓડિટ – તા.૧૮–૦૪–૧૭ થી તા.૩૦–૦૪–૧૭ કરતા સદર ગ્રાહક ના રેકર્ડ ની ચકાસણી કરવામા આવતા – લેજર પર ના છેલ્લા રીડીગ (૭૯૩૮) અને લેબોરેટરી ના રોજકામ મા મીટર ના રીડીગ (૧૯૮૮) વચ્ચે તફાવત માલુમ પડેલ છે. અહી જુનુ મીટર ચાર ડીઝીટ સુધી નુ રેકોર્ડીગ કરતુ હોવાથી – સદર મીટર અરજદાર ખાતે ૪૦૪૯ યુનીટ (૯૯૯૯ – ૭૯૩૮ + ૧૯૮૮ = ૪૦૪૯ યુનીટ) ના રૂ.૩૦,૦૭૭.૫૩ રૂપિયાની રીકવરી કઢાયેલ છે. જેની જાણકારી અરજદાર શ્રી ને બીલ ભરપાઈ કરવા માટે શહેર પેટા વિભાગીય કચેરી, ધ્રોલ દ્વારા પત્ર નંબર : ૪૧૩૬ તા.૦૭–૧૦–૧૭ થી સદર ગ્રાહક ને જાણકારી અપાયેલ છે. સદર પુરવણીબીલ ભરપાઈ કરવા અંગે ની જાણકારી આશરે ૦૨ વર્ષ અને ૦૫ માસ વિત્યા બાદ પીજીવીસીએલ દ્વારા ગ્રાહક ને પત્ર દ્વારા કરેલ હોય – જે બાબત ગંભીર છે.

**૩.૩** અરજદાર શ્રી ના જોડાણ પર અગાઉ રહેલ Jaipur ( Electro Mech.) કંપની ના મીટર નં. : 975829 – મા માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૦ નુ બીલીગ માહે જાન્યુઆરી–૨૦૧૧ ની તા.૦૪–૦૧–૧૧ ના રોજ ૬૭૩૨ યુનીટ જણાયેલ હતુ. તેમજ માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૪ નુ બીલીગ માહે જાન્યુઆરી–૧૫ ની તા. ૦૩–૦૧ –૧૫ ના રોજ યુનીટ ૭૯૩૮ યુનીટ દર્શાવેલ હતા. જે આશરે ૪૮ માસ નો કુલ વીજવપરાશ ૧૨૦૬ યુનીટ મુજબ – અરજદાર શ્રી ના જુના મીટર નો સરેરાશ વીજવપરાશ પ્રતિ દ્રીમાસીક ૫૦.૨૫ યુનીટ ની સરેરાશ વીજવપરાશ ધરાવે છે.

માહે જુલાઈ–ઓગષ્ટ– ૧૨ બીલીગ માહે સપ્ટેમ્બર–૧૨ થી માહે મે–જુન– ૧૪ બીલીગ માહે જુલાઈ–૧૪ સુધી કુલ ૧૨ મીટર લોક ના બીલ અપાયેલ હતા. ત્યારબાદ ના બીલીગ માહે જુલાઈ–ઓગષ્ટ ૧૪ તેમજ બીલીગ માહે સપ્ટેમ્બર–૧૪ દરમ્યાન કુલ ૩૫૬ વીજવપરાશી યુનીટ નુ વીજબીલ અપાયેલ હતુ. એટલેકે દ્રીમાસીક વીજવપરાશ આશરે સરેરાશ ૨૮ યુનીટ નો જણાયેલ છે.

વધુમા – અરજદાર શ્રી ના સ્થાપન પર એચ.પી.એલ. કંપની ના મીટર નં. : PGST-02548356 ને તા.૦૭–૦૩–૧૫ ના રોજ સદર મીટર ૦૦૦૦૨ યુનીટ થી લગાડવામા આવેલ હતુ જેના તા.૦૧–૦૮ –૧૭ ના રોજ સદર અને KWh-600 યુનીટ જણાયેલ છે. જે આશરે ૨૮ માસ નો કુલ વીજવપરાશ ૬૦૦ યુનીટ ગણતા, નવા લગાડવામા આવેલ મીટર મા અરજદાર શ્રી નો સરેરાશ વીજવપરાશ પ્રતિ દ્રીમાસીક ૪૨ યુનીટ ની સરેરાશ વીજવપરાશ ધરાવે છે. મીટર રીડર દ્વારા માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૪ બીલીગ માસ માહે જાન્યુઆરી–૨૦૧૫ ના મીટર રીડીગ મુજબ – હાલ ના તબ્બકે ના રીડીગ ૭૯૩૮ અને પાછલા રીડીગ ૭૯૩૮ એમ '' ૦'' યુનીટ ના વીજવપરાશ નુ વીજબીલ સદર ગ્રાહક ને આપેલ છે.

સદર ગ્રાહક ના મીટર ની ચેકીગ શીટ તા.૦૭–૦૩–૧૫ અને તા.૨૦–૦૫–૧૫ ના રોજ ના લેબોરેટરી ચેકીગ દરમ્યાન મીટર ના છેલ્લા રીડીગ ૧૯૮૮ જણાયેલ હતા. અને મીટર રીડર દ્વારા તા.૦૩–૦૧ ૧૫ ના રોજ બનાવાયેલ વીજબીલ મુજબ ના હાલના રીડીગ ૭૯૩૮ જણાયેલ હતા. જે મુજબ – ૬૩ દિવસ મા જે ૪૦૪૯ યુનીટ વીજવપરાશ નુ વીજબીલ દર્શાવે છે. જે શકય જણાયેલ નથી. ચેકીગ શીટ મા દર્શાવેલ – અરજદાર શ્રી ના વીજસ્થાપન પર – જોડાયેલ કુલ ૨૧૦ વોટ નો વીજભાર ને ૨૪ કલાક મુજબ પણ જો ગણવામા આવે તો પાત્ર – સદર સમયગાળા નો એટલેકે ૬૩ દિવસનો કુલ વીજવપરાશ ૩૧૮ યુનીટ થાય.

**૩.૪** વધુમા પીજીવીસીએલ દ્વારા સબંધક તમામ રજુ કરેલ દસ્તાવેજીક પેપર્સ મુજબ,મીટર રીડર દ્વારા – જુના મીટર ના વીજ વાંચન મા કોઈ ભુલ હોય તે બાબત અંગે ના કોઈ ખુલાસા કે કાર્યવાહી કરાયેલ નથી. તેમજ, સદર અરજદાર વીજ ગ્રાહક નો ઉપરોકત મુદદા નં. ૩.૩ મુજબ સરેરાશ વીજવપરાશ ને ગણતરી મા ધ્યાને લેતા – સદર અરજદાર ને ૪૦૪૯ યુનીટ નુ રૂ.૩૦,૦૭૭.૫૩ રૂપિયા નુ આપેલ પુરવણીબીલ કુદરતી ન્યાય મુજબ – રદબાતલ કરવાને પાત્ર છે. તેમ– સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ થી ૩.૪ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર ને જણાવવામા આવે છે કે – સદર અરજદાર ને ૪૦૪૯ યુનીટ નુ રૂ. ૩૦,૦૭૭.૫૩ રૂપિયા નુ આપેલ પુરવણીબીલ રદબાતલ કરવાને પાત્ર છે. જે બાબત ની જાણકારી – અરજદાર ને અત્રેના ફોરમ ની જાણ હેઠળ – લેખીત પત્ર સ્વરૂપે કરવાનો આદેશ કરવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.